## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લો, ખુશ થતાં હતા ને... મન કી બાત સાંભળીને... સાહેબે, મનની વાત છોડીને ધનની વાત કરીને તિજોરી ખાલી કરી નાખી... ખબર પડી કાંઈ....!!!

# રવિવારની રજાએ બેંકમાં ભીડ વધી

**વર્ષો પછી બેંકો રવિવારે સવારે ૧૦ સાંજના ૭ વાગ્યા સુધી કાર્યરત રહી : એટીએમ સેન્ટરો પર ''કહી ખુશી કહી ગમ'' યથાવત : બેંકો દ્વારા નાગરિકોને ચા-પાણી વગેરે સુવિધા અપાઈ : નાની મોટી ચડભડ બાદ કરતા એકંદરે શાંતિ જળવાઈ : ૨ હજારની નવી નોટો ખુટી પડી**

ગાંધીનગર, તા. ૧૩

શહેરમાં સતત ચોથા દિવસે પણ ચલણી નોટો બદલાવવા બેંકોમાં ભારે ભીડ જોવા મળી હતી. આજે તો રવિવાર હોવાથી સરકારી કર્મચારીઓ ઉપરાંત ખાનગી કર્મચારીઓ, વ્યવસાયિકો વગેરેનો ઉમેરો થતા વધુ લાંબી કતારો નજરે પડી હતી. શહેરની લગભગ તમામ બેંકોની શાખાઓની બહાર ઘણી લાંબી લાઈનો કલાકો સુધી લાગેલી રહી હતી અને તેજ રીતે શહેરમાં કાર્યરત એટીએમ સેન્ટરો પર પણ લાંબી લચ્ચક લાઈનો જોવા મળી હતી. શહેરની બેંકોમાં સતત ચોથા દિવસે કરોડો રૂપિયા જમા થયા હતા જેની સામે લાખો રૂપિયાનું ચુકવણું પણ થયું હતું.




છેલ્લા ઘણા વર્ષોમાં પ્રથમવાર શહેરની બેંકો રવિવારે ચાલુ રહી હતી અને સતત ચોથા દિવસે શહેરી બેંકો સવારે ૧૦ વાગ્યાથી ૭ વાગ્યા સુધી કાર્યરત રહી હતી. રવિવારની રજાને કારણે આજે બેંકોમાં કર્મચારીઓ ઉપરાંત વ્યવસાયિક વર્ગ પણ મોટા પ્રમાણમાં જોવા મળ્યો હતો. દરેક બેંકની શાખામાં દોઢથી બે કરોડની સરેરાશે નાણાં જમા થવા પામ્યાં હતા. જ્યારે સરેરાશ ૧૦થી ૧૫ લાખનો ઉપાડ થવા પામ્યો હતો. બેંકો દ્વારા ચલણી નોટો બદલવા આવેલા નાગરિકો માટે પાણી, છાંયડા માટે મંડપ, બેસવા માટે બાંકડા, ખુરશી વેગેરે ઉપરાંત કેટલીક શાખામાં ચા સુદ્ધાની વ્યવસ્થા કરવામાં આવી હતી. બેંકોમાં શાખા મેનેજર સહિત તમામ કર્મચારીગણ ખડેપગે એક જ કાર્યમાં જોતરાયેલા જોવા મળ્યા હતા. જો કે કેટલીક બેંકોમાં નવી ૨૦૦૦ની ચલણી નોટો ખુટી પડ્યાની અને નવી નોટો આવવામાં વિલંબ થયાની સમસ્યાઓ પણ સર્જાઈ હતી.

શહેરમાં એટીએમ સેન્ટરો પર પણ ભીડ યથાવત જોવા મળી હતી. અનેક એટીએમ મશીનોમાં ચલણી નોટો ખુટી પડવાની, મશીન બગડી જવાથી ખોટકાવાની તથા સર્વર ડાઉન થઈ જવાની સમસ્યાઓ સર્જાઈ હતી. જે એટીએમ સેન્ટરો કાર્યરત હતા ત્યાં નાગરિકોની કતારો સતત જોવા મળી હતી. આ ઉપરાંત સામાન્ય જનતામાં ચલણી નોટો બદલવા અંગેની આરબીઆઈની ગાઈડલાઈનમાં અપુરતી જાણકારી, સોશ્યલ મિડીયા થકી મેળવેલી ભ્રામિત કરનારી માહિતી વગેરેના કારણે પણ મુશ્કેલી પડી હતી. બેંક કર્મચારીઓ દ્વારા આવા નાગરિકોને સતત માર્ગદર્શન પુરૂ પાડવામાં આવતુ હતુ તથા યોગ્ય પુરાવા રજૂ કરવા અંગે જાણકારી આપવામાં આવી હતી. જો કે સતત કામના લોડને લીધે અનેક ઠેકાણે બેંક કર્મચારી ઉશ્કેરાઈ જવાના કે ગ્રાહકો ઉશ્કેરાઈ જવાથી ચડભડની પરિસ્થિતિ પણ સર્જાઈ હતી. બેંક કર્મચારીઓને નાગરિકોની ભીડના લીધે બપોરનો લંચબ્રેક લેવામાં પણ ભારે તકલીફ પડી હતી અને લીધેલા બ્રેક જલ્દીથી ટુંકાવવા પડ્યા હતા. એકંદરે શહેરમાં રવિવારે પણ નાણા જમા કરાવવા કે ચલણી નોટો બદલાવવા શહેરીજનોએ ખાસ્સી ભીડ જમાવવા સાથે હાડમારી પણ વેઠી હતી. જો કે બધી તકલીફ વચ્ચે પણ નાગરિકો સરકારના નિર્ણયને વખાણતા નજરે ચઢ્યા હતા.

## ચિલોડા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના કેશ ડીપોઝીટ મશીનમાં ટેકનીકલ ખામીથી ગ્રાહકના બે લાખ રૂપિયા ફસાયા




ચિલોડા, તા. ૧૩

જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ખાતે રાષ્ટ્રીયકૃત બેંક અને સહકારી બેંકોમાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ બદલવા અને નવી નોટો મેળવવા લોકોની ભારે ભીડ જામી છે. ત્યારે લોકો વહેલી સવારથી બેંકની સામે કતારો લગાવી મોડી સાંજ સુધી સતત લેવડદેવડ કરવા મજબુર બન્યા છે. ત્યારે ચિલોડા યુનિયન બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ ખાતેદાર ધારકો સેવાનો લાભ લેતા હતા. ત્યારે કોઈ ખાતેદાર ધારક મોડી રાત્રે બેંકના સેલ્ફ કેશ ડીપોઝીટ મશીનમાં બે લાખ રૂપિયાનું બંડલ જમા કરાવતા કોઈ ટેકનીકલ ખામી સર્જાતા માતબર રકમની નોટો ફસાતા એટીએમ બંધ થયુ હોવાનું બેંક મેનેજરે વાતચીત દરમિયાન પૂછપરછમાં જણાવ્યું હતું. આમ બે લાખ રૂપિયાને લીધે એટીએમ કાર્યરત ના થતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

આમ બેંકના કામકાજ સમયે મેનેજરે આ મુદ્દે લાગતાવળગતા અધિકારીઓએ ટેકનીશીયનને બોલાવી ટુંક સમયમાં એટીએમ ચાલુ થશે તેવું જણાવ્યું હતું. આમ ચિલોડા ખાતે સાંજે ૪ કલાકે એટીએમ સેવા ફરીવાર કાર્યરત થઈ હતી ત્યાં સુધી ગ્રાહકોએ એડીસી બેંકના એટીએમનો લાભ લીધો હતો. બેંકોમાં નાણાંની લેવડદેવડ ભીડને લીધે મુશ્કેલ બન્યું હતું.



## સચિવાલયમાં પણ રવિવારે ધમધમાટ

સામાન્ય દિવસોમાં નવા સચિવાલયમાં શનિ-રવિવારની રજા હોય ત્યારે સચિવાલય સુમસામ ભાંસતુ હોય છે. માત્ર સિકયુરીટી કર્મચારીઓ ફરજ બજાવતા નજરે પડે છે ત્યારે આજે સચિવાલયમાં રજા હોવા છતા કર્મચારીઓની આવન-જાવનથી ધમધમતું હતું. સામાન્ય દિવસ જેટલી જ કર્મચારીઓની હાજરી જોવા મળી હતી. સચિવાલયમાં ફરજ બજાવતા કર્મચારીઓના બેંકમાં એકાઉન્ટ હોવાથી સવારથી જ બેંકની આસપાસ રવિવારની રજા હોવાથી ગોઠવાઈ ગયા હતા. બેંકની સલામતી અને સચિવાલયના બ્લોકની સલામતીને પગલે ચાવીમાં ડખા ઉભા થયા હતા. બેંક કર્મચારીઓએ બ્લોકની ચાવી સ્વીકારવાનો ઈન્કાર કરતા સલામતીના કર્મચારીઓ બ્લોકની સુરક્ષાને લઈ લોક મારી ચાવી જે તે સ્થળે અધિકારી પાસે જમા કરાવે છે જેથી બેંકની ચાવી કર્મચારીઓ પાસે હતી પરંતુ આખા બ્લોકની ચાવી ન હોવાથી બેંક મોડી ખુલી હતી. સવારથી સાંજ સુધી કર્મચારીઓ બેંકીગ કામ માટે આટાંફેરા મારતા સચિવાલય ધમધમતુ રહ્યું હતું.

## રૂપીયાની લેતી-દેતીના પગલે શહેર ખણખણતું થયું

મંગળવાર મધરાતથી રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ તાત્કાલીક અસરથી બંધ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને અનુલક્ષી ચારેકોર રૂપીયાની લેતી-દેતીની ચર્ચાઓ ચાલી રહી છે. ગાંધીનગર શહેરમાં દિવાળીના સમયે માહોલ નહોતો જામ્યો તેવો માહોલ છેલ્લા ચાર દિવસથી જામ્યો છે. નગરની બેંકોમાં કરોડો રૂપીયા જમા થયા અને લાખો રૂપીયાના છુટ્ટા મેળવવા નાગરીકોએ લાંબી કતારોનો સામનો કરવો પડ્યો છે. શહેરની બેંકોના પ્રવેશદ્વાર પાસે છેલ્લા ચાર દિવસથી સવારના સમયથી જ મોડીસાંજ સુધી ગ્રાહકોની ભારે ભીડ જામે છે. કોઈ રૂપીયા મુકવા માટે તો કોઈ રૂપીયા ઉપાડવા માટે લાઈનમાં ઉભા રહે છે. બેંક પાસેથી નગરજનોની ભીડ જાણે ઓછી થવાનું નામ લેતી નથી. નગરમાં ચૌરે ને ચૌટે માત્ર બસ એક જ વાત રૂપીયાની ચાલે છે.... શહેરમાં રૂપીયાને પગલે નાગરીકોની ચહલ પહલ વધતા નગર ખણખણતું થવા પામ્યું છે.

## બેંકની લાઈનમાં ઉભેલા નાગરિકોને બે દિકરીઓએ રેડ બ્લુ એનર્જી ડ્રીંક વિતરણ કર્યું



અમદાવાદ ખાતેથી રેડબ્લુ એનર્જી ડ્રીંક લઈને એક ટીમ ગાંધીનગર ખાતે આવી હતી. આ એનર્જી ડ્રીંક ડીએઆઈઆઈસીટી તેમજ પીડીપીયુના વિદ્યાર્થીઓને વિતરણ કર્યું હતું. ત્યારબાદ એક ટીમ શહેરના ઘ-૪ થી ઘ-૫ વિસ્તારમાં આવી હતી. અને બેંકની લાઈનમાં કલાકો સુધી ઉભા રહીને થાકી ગયેલા અને પરસેવે રેબઝેબ બનેલા નાગરીકોને બે દિકરીઓએ રેડબ્લુ એનર્જી ડ્રીંકના ૨૦૦ થી વધુ ટીનનું વિતરણ કરીને ઉમદા કાર્ય કર્યું હતું. રેડબ્લુ એનર્જી ડ્રીંકથી નાગરીકોને લાઈનમાં ઉભા રહેવાની એનર્જી મળતા આ ડ્રીંક શહેરીજનોમાં પસંદગી પામ્યું હતું.છેલ્લા ચાર દિવસથી બેંક અને પોલીસ તંત્ર દ્વારા નાગરીકો માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી નાગરીકોને બેંકની લાઈનમાં ઉભા રહ્યા બાદ પાણી અને પૈસા સરળતાથી મળી રહે છે.

